07

યક્ષ પૂછે છે —
“શું મૃત્યુ પછી પણ કંઈ જીવતું રહે છે?”

યુધિષ્ઠિર જવાબ આપે છે —
“યશ… સારું નામ.”

જરા વિચારો…
શરીર જાય છે, શ્વાસ બંધ થાય છે…
પણ માણસનું નામ —
એ ક્યાં જાય છે?

આપણે રોજ શું કરીએ છીએ?

કામ કરીએ છીએ…
પૈસા કમાઈએ છીએ…
પદ, હોદ્દા, મોબાઈલ, ગાડી…

પણ એક સવાલ —
લોકો આપણને કઈ રીતે યાદ કરશે?
• “એ માણસ ખૂબ સારો હતો, હા”
કે
• “એ માણસથી બધા લોકો ડરતા હતા?”

આપણો દરેક નિર્ણય —
નાનામાં નાનો પણ —
આપણો યશ બનાવે છે અથવા તો બગાડે છે.

એક પ્રસંગ સાંભળો

લાલ બહાદુર શાસ્ત્રીજી

ભારતના વડાપ્રધાન હતા…
દેશ યુદ્ધમાં હતો…
પણ તેમણે પોતાનાં ઘરમાં ક્યારેય ભ્રષ્ટાચારને જગ્યા ન આપી.

એમના મૃત્યુ પછી
કોઈ મોટી મિલકત નહીં…
કોઈ રાજમહેલ નહીં…

પણ આજે પણ જ્યારે નામ લઈએ —
લોકો ઊભા થઈ જાય છે, Respect આપે છે.

એનું કારણ શું છે?
યશ. સારું નામ.

મિત્રો યશ બનાવવા માટે
મોટું બનવું જરૂરી નથી…
જરૂરી છે માત્ર..
• સાચું બોલવું
• વચન પાળવું
• કોઈનો હક ન ખાવું
• શક્તિ હોય ત્યારે નમ્ર રહેવું

આ બધું જ યશ મેળવવાના બીજ છે

તો આજે જ નક્કી કરો કે —
તમારું નામ દીવો બનશે કે ધુમાડો?
વાત આપણા હાથમાં જ છે..